અપીલ અરજી નં.૧૨૦ તા.૧–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી દુલ્લભભાઈ કલાણભાઈ પટેલ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દુલ્લભભાઈ કલાણભાઈ પટેલ ની તા.૧૧–૧–૧૦ નીઅરજીથી પશુપતિનાથ સોસા.ના પ્રમુખશ્રી તરફથી, સરપંચ શ્રી ગ્રામપંચાયત નાના વરાછાની સહી સિકકાવાળી સોસા.ના લેઆઉટ પ્લાનની નકલ, તથા પૂર્વઝોન વરાછાના પત્ર નં.ઈઝેડ/આઉટ/૨૧૫૯ તા.૧૯–૯–૨૦૦૫ ના પેરા–૪માં જણાવેલ વિગતોની સહી સીકકાવાળી નકલો તથા પેરા નં.૨ અને ૪ ની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૨૦/૨૦૧૦–૧૧

શ્રી દુલ્લભભાઈ કલાણભાઈ પટેલ ની તા.૧૧–૧–૧૦ ની અરજીથી શ્રી દુલ્લભભાઈ કલાણભાઈ પટેલ ની તા.૧૧–૧–૧૦ ની અરજીથી પશુપતિનાથ સોસા.ના પ્રમુખશ્રી તરફથી, સરપંચ શ્રી ગ્રામપંચાયત નાના વરાછાની સહી સિકકાવાળી સોસા.ના લેઆઉટ પ્લાનની નકલ, તથા પૂર્વઝોન વરાછાના પત્ર નં.ઈઝેડ/આઉટ / ૨૧૫૯ તા.૧૯–૯–૨૦૦૫ ના પેરા–૪માં જણાવેલ વિગતોની સહી સીકકાવાળી નકલો તથા પેરા નં.૨ અને ૪ ની નકલ આપવા બાબતે આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૭–૧૦ ના રોજ સાડા ત્રણ માસના વિલંબથી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૬ તા.૬–૭–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને લગભગ ૩ ૧/૨ માસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવું તથા અપીલ અરજીમાં મુળ અરજીની નકલ,કાર્યપાલક ઈજનેર વરાછાના તા.૧૯–૯–૨૦૦૫ ની વાંચી શકાય તેવી નકલ, ફીની વિગત રજુ કરેલ નથી. જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/૫૨૮ તા.૧૩–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ભારતીબેન દુર્લભભાઈ પટેલ ને પાઠવેલ પત્ર ઈ.ઝેડ/આ.નં.૨૧૫૯ તા.૧૯–૯–૦૫ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૨૮ તા.૧૬–૨–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૩–૭–૧૦ ના પત્ર, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, તા.૧૯–૯–૦૫ ના પત્રની નકલ, આપેલી માહિતીના પત્ર નં.૫૨૮ તા.૧૬–૨–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૧–૧–૧૦ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભમાં નિર્દિષ્ટ બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૨૮ તા.૧૬–૨–૧૦ થી અરજદારને " ઝોન કચેરીના રેકર્ડની સઘત તપાસ કરતાં હાલ તુરંત ફાઈલ મળેલ નથી તેથી ફાઈલ શોધવાની તપાસ સતત ચાલુ છે. ફાઈલ મળ્યેથી માહિતી પુરાવાઓ આપવામાં આવશે જેની નોંધ લેવા તેમજ તમો ઈચ્છતા હોય તો ઝોન કચેરીના દફતરની રૂબરૂ ચકાસણી માહિતી અધિકાર અધિનિયમ અન્વયે કચેરીના ઓફિસ સમય દરમ્યાન ચકાસણી કરી તમારા ધ્વારા નિર્દિષ્ટ કરેલી માહિતીઓ પૂરી પાડવામાં આવશે જેની નોંધ લેશો. " તેવું જણાવેલ છે. અરજદારે મળેલા નિર્ણયથી નારાજ થઈ સાડા ત્રણ માસના વિલંબથી તા.૧–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને અપીલ તબકકે વિલંબથી અપીલ અરજી અંગે કલમ–૧૯(૧) મુજબ વાજબીપણું રજૂ કરવા જણાવેલ. જે બાબતે અરજદારે તા.૧૩–૭–૧૦ ના પત્રમાં તેઓની તા.૧૧–૧–૧૦ ની અરજીના સંદર્ભે તા.૧૬–૨–૧૦ ના રોજ મળેલ જવાબ બાબતે તા.૯–૩–૧૦ ના રોજ વરાછાઝોનમાં રૂબરૂ મળેલ ત્યારે જણાવેલ કે ફાઈલ મળતી નથી ફાઈલ મળશે ત્યારે નકલો આપીશુ ફાઈલ શોધવાની કામગીરી ચાલુ છે તેથી હમણા અપીલ કરશો નહીં પરંતુ સંતોષકારક જવાબ ન મળવાથી અપીલ કરેલ છે તેવું જણાવી પશુપતિનાથ સોસા.ના પ્રમુખશ્રી તરફથી ગ્રામ પંચાયત નાના વરાછાની સહી સિકકાવાળી લેઆઉટ પ્લાનની નકલ તથા પૂર્વઝોન વરાછાના પત્ર નં.ઈ.ઝેડ/આ.નં.૨૧૫૯ તા.૧૯–૯–૦૫ ના પેરા નં.–૪ માં જણાવેલ તેમજ પેરા નં.–૨ ની અરજીની નકલ સહી સિકકાવાળીની માંગણી કરેલ છે. અરજદારની વિલંબથી કરેલી અરજી પ્રથમ દર્શીય ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી તેમ છતાં કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી વિલંબથી કરેલી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવેલ છે. અરજદારની માંગેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ફાઈલ મળ્યેથી માહિતી આપવાની તૈયારી બતાવેલ છે. તેમજ અરજદારને ફાઈલ બાબતે રૂબરૂ ચકાસણી કરવા પણ જણાવેલ છે. પરંતુ કલમ–૭(૧) થી ઠરાવેલ સમય અવધિમાં અરજીનો માહિતી પૂરી પાડી આખરી નિકાલ કરેલ નથી કે ફાઈલના રેકર્ડ બાબતે અરજદારને માહિતીના રેકર્ડના નાશ કે નિકાલ અંગે કોઈ વિગતો જણાવેલ નથી.

અરજદારે નિર્દિષ્ટ કરેલ તા.૧૯–૦૯–૦૫ ના પત્રના મુદ્દા નં.ર અને ૪ ની વિગતો ડ્રેનેજ જોડાણ પરવાનગી અંગે વાંધા અરજી તથા પરવાનગી ના મુદ્દાની ૨૦૦૪ ડીસેમ્બરના સમયગાળાની જણાય છે. જેના નાશ કે નિકાલની વિગતો જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે અરજદારની વિલંબિત અપીલના ઉપલક્ષ્યમાં માહિતી દફતરી ઉપલબ્ધ વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ અન્વયે લાગુ કિસ્સામાં નિયત ફી વસુલ લઈ પૂરી પાડવા અન્યથા મહાનગરપાલિકાના અમલી રેકર્ડ વર્ગીકરણ રુલ્સ અનુસાર દફતરી નિકાલ કે નાશ કર્યા બાબતની દફતરી હકીકતલક્ષી વિગત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને જણાવવામાં આવે છે.

આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન).. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી દુલ્લભભાઈ કલાણભાઈ પટેલ